# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

ગોપીપુરા, પારસીવાડ, સુરત–૩૯૫૦૦૧.

## જાહેરાત અન્વયે અગત્યની સૂચનાઓ

1. **અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલસૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાનો રહેશે.**
2. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલી વિગતો તથા પૂરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારની અરજી રદ્દબાતલ ગણવામાં આવશે.
3. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને **પોતાનો મોબાઇલ નંબર અને ઈ–મેઈલ આઈ.ડી.** ફરજીયાત દર્શાવવાનું રહેશે.
4. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાત્રી કરીને ત્યાર પછી જ અરજી કન્ફોર્મ કરવાની રહેશે.
5. ફાઈનલ સબમીશન થયેલી અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલી માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
6. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફUpload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા / ઈન્ટરવ્યુ / વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.
7. એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફોર્મ થયેલી અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે.
8. ઉમેદવારે તેમના તમામ પ્રમાણપત્રો ઓનલાઇન અરજી કરતી વખતે સ્કેન કરી અપલોડ કરવાના રહેશે.
9. નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેદવારોએ તેમના કચેરીના વડાની એન.ઓ.સી. મેળવી અરજી કરવાની રહેશે.
10. ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.
11. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.
12. **ઓનલાઇન ભરેલા અરજીપત્રકની પ્રિન્ટ કાઢી તેની સાથે જરૂરી આધાર પુરાવાની નકલ સ્વપ્રમાણિત કરી રજીસ્ટર પોસ્ટ એડી થી તા.૧૦/૦૪/૨૦૧૯ સુધીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ગોપીપુરા, પારસીવાડ, સુરત ખાતે મોકલવાની રહેશે. અરજીનાં કવર ઉપર મોટા અક્ષરે "ઉપશાસનાધિકારીની ભરતી – ૨૦૧૯" એમ લખવાનુ રહેશે. અરજી પત્રક અને પુરાવા રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી.**
13. અરજદારે અરજીપત્રક સાથે લાયકાતના પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તથા અન્ય પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ સામેલ કરવી. સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાના વડાનું ચાલચલગત અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. ઉમેદવારે સી.સી.સી+ પરીક્ષા સરકાર માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોય તો તેનું પ્રમાણપત્ર સામેલ કરી મોકલવાનું રહેશે.
14. માર્કશીટ/ડીગ્રી સર્ટીફિકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક રજુ કરવાનું રહેશે.
15. ઉમેદવારે શૈક્ષણિક તથા વ્યાવસાયિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
16. ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનોસમયગાળો(દિવસ,માસ,વર્ષ) મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર અરજી સાથે મોકલવાનુ રહેશે. આવુ પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજૂ કરવાનું રહેશે. તેમજ અનુભવના પ્રમાણપત્ર સાથે છેલ્લા ત્રણ વર્ષના પગારનું બેંક સ્ટેટમેંટ/પાસબુકની ઝેરોક્ષ રજૂ કરવાની રહેશે.
17. અંશ:કાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહી.
18. ઉપશાસનાધિકારીની જગ્યા માટે ૫૦ ગુણની લેખિત પરીક્ષા લેવામાં આવશે. જેની **"હોલ ટીકીટ"** માટે વખતો વખત સમિતિની વેબ સાઈટ જોતા રહેવું.
19. લેખિત પરીક્ષા અંગે પરીક્ષાનું માળખું નીચે મુજબનું રહેશે. આમ છતાં નીચે મુજબના અભ્યાસક્રમના ગુણભારમાં ફેરફાર થઇ શકે છે.

લેખિત પરીક્ષાનો સમય : ૩૦ મિનીટ — કુલ ગુણ : ૫૦

| પ્રશ્નપત્રનો સંભવત: અભ્યાસક્રમ | ગુણ |
|---|---|
| શિક્ષણના સાંપ્રત પ્રવાહો અને સામાન્ય જ્ઞાન | ૧૦ |
| ધી બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન એક્ટ–૧૯૪૭ સુધારા સાથે અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ, નિયમો ૧૯૪૯ રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી કમ્પલસરી એજ્યુકેશન એક્ટ, ૨૦૦૯ (રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯) અને રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી કમ્પલસરી એજ્યુકેશન રૂલ્સ, ૨૦૧૨ | ૧૫ |
| ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮ કઠિન મૂલ્ય આધારિત વિષયવસ્તુ | ૧૫ |
| શિક્ષણશાસ્ત્ર | ૧૦ |

20. અરજદારે લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટે જે તારીખ અને સમય નક્કી કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
21. ઈન્ટરવ્યુ સમયે અસલ પ્રમાણપત્રો, અનુભવનાં પ્રમાણપત્ર તથા અત્રેની કચેરી દ્વારા જે સૂચના આપવામાં આવે તે પ્રમાણેના અસલ આધારભૂત પુરાવા રજૂ કરવાનાં રહેશે.
22. ઈન્ટરવ્યુ તેમજ પસંદગી અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. પરિણામ અંગે કોઈપણ જાતનો પત્ર વ્યવહાર કરવો નહીં તેમજ પસંદગી સમિતિના સભ્યો ઉપર કોઈપણ પ્રકારનું દબાણ ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ગણાશે.
23. ઉમેદવારોએ આ જગ્યા અંગે ભરતી પ્રક્રિયાની જાણકારી માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની વેબસાઈટ www.municipalschoolboardsurat.org પર વખતો વખત જોવાની રહેશે.
24. પસંદગી પામેલ ઉમેદવારોની નિમણૂંક સત્તાધારી પસંદગી સમિતિ ઠરાવે તે શરતોને આધિન રહેશે.
25. ઉમેદવારે ઓનલાઈન અરજીમાં કોઈપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણૂંક સમયે રજુ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની પસંદગીથી નિમણૂંક થયેલ હશે તો કોઈપણ તબક્કે નિમણૂંક રદ્દ કરવામાં આવશે.
26. આપેલ જાહેરખબર કોઈપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.
27. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઈ આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નિતી નક્કી કરવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે.
28. **"દિવ્યાંગ" ઉમેદવાર સિવાય તમામ ઉમેદવારોએ રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો પૂરા) ઓનલાઈન અરજી કરતાં સમયે ડીજીટલ પેમેન્ટથી ચૂકવવાના રહેશે.**

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત